<u>ક્રિમીનલ કેસ નં.1595 /2025</u>

<u>**આંક–૦૧ લગત હુકમ.**</u>

(૧) હાલના કામના **આરોપી રતુબેન વિનોદભાઈ ગરાસીયા, રહે. ગલાલીયાવાડ ધોડાડુંગરી ફળીયુ તા.જી.દાહોદવાળા** વિરૂધ્ધ ધી ગુજરાત પ્રોહીબીશન એકટ, ૧૯૪૯ની કલમ–**૬૫(એ)(એ)** હેઠળની ફરીયાદ કરવામાં આવેલ અને તે મુજબના ગુનાનું પોલીસ ધ્વારા ચાર્જશીટ ફાઈલ કરવામાં આવેલ છે.

(૨) આરોપી કોર્ટમાં હાજર થતા, તેમને વિના મુલ્યે પોલીસ પેપર્સની નકલો આપેલ અને આરોપી સ્વેચ્છાએ કબુલાત આપવાનું કહેતા હોય, તેમને તે બાબતની સમજ આપી અને આરોપી સદર કબુલાત સ્વૈચ્છિક તથા કોઈપણ જાતના દબાણ વગર આપતા હોવાની ખાત્રી કરી સ્વીકારી. આજરોજ આરોપીની **આંક–૦૭થી પ્લી** રેકર્ડ કરવામાં આવેલ છે.

(૩) **આંક–૦૫થી આરોપી પોતાની ગુના અંગેની કબુલાત પુરસીસથી** જાહેર કરે છે કે, આ તેઓનો પ્રથમ ગુનો છે અને ભુતકાળમાં કોઈ ગુનો કરેલ નથી અને રજુઆત કરેલ છે કે, તેઓ ગરીબ વર્ગના છે અને તેમના પર કુટુંબની જવાબદારી છે તથા તેમને ગુનાનો પસ્તાવો છે અને તેને સુધરવાની તક મળે તે હેતુથી કબુલાત આપે છે. વધુમાં આ કબુલાત સ્વૈચ્છિક હોય અને તેઓ આ કૃત્ય બદલ પારાવાર પસ્તાવો કરતા હોય અને હવે પછી આવું કૃત્ય નહી કરવાનું કબુલાત પુરસીસથી જાહેર કરે છે.

આમ, હાલના કેસમાં કોર્ટ ધ્વારા ગુજરાત હાઈકોર્ટ ૨૦૦૫ (૧) જી. એલ. આર. ૭૦૯ ગુજરાત સ્ટેટ વિરૂધ્ધ નટવરસિંહ હરચંદજી ઠાકોરનો ચુકાદો ધ્યાને લઈ તથા આરોપીઓના સંજોગો ધ્યાને લઈ તેને સુધરવાની તક આપી ન્યાયોચીત જણાતું હોય જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– : આખરી હુકમ :–**

આ કામના **આરોપી રતુબેન વિનોદભાઈ ગરાસીયા, રહે. ગલાલીયાવાડ ધોડાડુંગરી ફળીયુ ,તા.જી.દાહોદવાળા ને** ફોજદારી કાર્યરીતિ સંહીતા, ૧૯૭૩ની કલમ–૨૪૧ અન્વયે ધી ગુજરાત પ્રોહીબીશન એકટ,૧૯૪૯ની કલમ–**૬૫(એ)(એ)** મુજબના ગુન્હામાં આરોપીને તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂા.૧૦૦/– (અંકે રૂપિયા એકસો) પુરાનો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. દંડની રકમ જમા કરાવવામાં કસુર કર્યેથી દિન–૧ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ દારૂનો અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૧૨મી, માહે–જુલાઈ , સને ૨૦૨૫ના રોજ નેશનલ લોકઅદાલતમાં મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ :–૧૨/૦૭/૨૦૨૫.
દાહોદ.

(કરણ.પી.યાદવ)
જયુડી.મેજી.ફ.ક.
દાહોદ
જીજે ૦૧૬૭૭